ક્રમાંક:-જીઆઈડીસી/ઇએનજી/વ.મ/ 33
જીઆઈડીસી, ઉદ્યોગભવન,
વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૩/૯/૨૦૨૨

## પરિપત્ર

વિષય: નિગમ દ્વારા નકશા મંજુરી અન્વયે સર્વિસ અને એમીનીટીઝ પેટે રૂ.૫૦ પ્રતિ ચો. મી. હેઠળ વસૂલવામાં આવતી ફી જે તે વસાહતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓ હેઠળના પ્રોજેક્ટ તથા નિગમ દ્વારા ખાસ જરુરીયાત (Mandatory) જણાય તેવા કામોમાં વપરાશ કરવા બાબત.

સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં નકશા મંજુર કરવાની કાર્યવાહીમાં એકસૂત્રતા જળવાઇ રહે તે હેતુથી સમગ્ર ગુજરાતમાં "Comprehensive General Development Control Regulation-2017,UH & UHD,Govt. of Gujarat" શિર્ષક હેઠળ નકશા મંજુરી કરવાનું નોટીફીકેશન જારી કરવામાં આવેલ છે. સદર નોટીફીકેશનમાં દર્શાવ્યા મુજબ નિગમનો ડી-૭ કેટેગરીમાં સમાવેશ કરવામાં આવેલ છે. સદર નોટીફીકેશનમાં નિયત થયા મુજબ નિગમ દ્વારા નવા કરવાના થતા બાંધકામ વિસ્તારના નકશા મંજુર કરતી વખતે સર્વિસ અને એમીનીટીઝ ફી પેટે રૂ.૫૦ પ્રતિ ચો. મી. મુજબ વસુલવામાં આવી રહેલ છે. સદર વસુલાતથી એકત્ર થયેલ રકમના વપરાશ બાબતે CGDCR-2017 માં કોઈ ઉલ્લેખ થયેલ જણાતો નથી.

જેથી નિગમની ૫૧૨ મી સભા પછી સરક્યુલેટીંગ એજન્ડામાં નક્કી થયા મુજબ નિગમ દ્વારા નવા કરવાના થતા બાંધકામ વિસ્તારના નકશા મંજુર કરતી વખતે સર્વિસ અને એમીનીટીઝ ફી પેટે રૂ.૫૦ પ્રતિ ચો. મી. મુજબ વસુલવામાં આવી રહેલ છે. જે રકમને જે તે વસાહતના કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની યોજનાઓ હેઠળના કામો માટે મહત્તમ રૂ. ૨૫ પ્રતિ ચો. મી. (એટલે કે ૫૦% રકમ) તથા નિગમ દ્વારા ખાસ જરુરીયાતવાળા (Mandatory) કામો જેવા કે ઉદ્યોગકારોની મિલ્કતોની માપણી / સર્વે / સ્થળ નિરીક્ષણ રીપોર્ટ (તબદીલી / ટુ આર / લીઝડીડ / સબડિવિઝન ઓફ પ્લોટ / એક્ત્રીકરણ ) વગેરે પ્રકારની તાંત્રિક કામગીરી માટે રૂ.૨૫ પ્રતિ ચો. મી. (એટલે કે ૫૦% રકમ) વપરાશ કરવાના રહેશે. ઉક્ત ખર્ચ મંજુર કરવાની સત્તા ક્ષેત્રીય કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી અને વિભાગીય પ્રબંધકશ્રી ની કમિટીને સોંપવામાં આવે છે.

વધુમાં, વસાહતની જરૂરિયાતને અનુલક્ષીને સદર ટકાવારીમાં ફેરફાર કરવાની મંજુરી આપવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

નકલ રવાના: પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ............
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઈડીસી, ગાંધીનગર....તરફ જાણ તેમજ જીઆઈડીસીની વેબ સાઈટ ઉપર મુકવા સારૂં.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)